વિદ્યા, વિનય, વિચાર, વાણી અને વર્તનનો સમન્વય એટલે...

# પંચશીલ


વર્ષ : ૧૨ | અંક : ૧૧૬ | પેઇજ : ૧૬

સંપાદક : ડૉ. ડી.કે. વાડોદરીયા | જૂન : ૨૦૨૩ | સંયોજક : સાક્ષી વાડોદરીયા





શિવનગર મેઇન રોડ, પી.ડી.એમ. કોલેજ કેમ્પસ, ગોંડલ રોડ, રાજકોટ.

ફોન : (0281) 2382626, મો. : 88 66 11 00 11, 88 66 22 00 22, 88 66 33 00 33

Web : www.panchshilschool.org, Email : admin@panchshilschool.org, panchshilschool2011@gmail.com

# ઉખાણા

1 ઉડુ છું પણ પંખી નહીં
સૂંઢ છે પણ હાથી નહીં
છે પગ પણ માખી નહીં
ગીત ગાઉં છું પણ ભમરો નહીં.

2 ચાર ખૂણાનું ચોકઠું
આભે ઉડ્યું જાય,
રાજા પૂછે રાણીને
આ કયું જનાવર જાય.

3 પગ વિના ડુંગરે ચડે,
મુખ વિના ખડ ખાય
રાણી કહે રળિયામણું,
કયું જનાવર જાય.

4 પહેલો હોય કે છેલ્લો અક્ષર,
આવે છે એક સમાન
હું છું એક એવી ભાષા,
જવાબ આપો તો તમે સાચા.

5 વૃક્ષ ઉપર વસુ તોયે હું પંખી નથી,
દૂધ આપું તોયે હું ગાય નથી.
બહારથી કઠણ પણ અંદરથી નક્કર નથી,
પૂજામાં વપરાવ છું પણ હું દેવતા નથી.

1 મચ્છર 2 પતંગ 3 ધૂમાડો 4 મલયાલમ 5 નાળિયેર




# વિસરાઈ ગયેલા જોડકણા

એક હતી શકરી
એણે પાળી બકરી
શકરી ગઇ ફરવા
બકરી ગઇ ચરવા
ફરીને આવી શકરી
ભાળી નહીં બકરી
રડવા લાગી શકરી
આવી પહોંચી બકરી

રુમઝુમ આવ્યા વર્ષારાણી,
ખોબે ખોબે લાવ્યા પાણી.
નદીઓ નાળા છલકાયા,
ખેતર જંગલ મલકાયા.
ચારે કોર પાણી પાણી,
રુમઝુમ આવ્યા વર્ષારાણી.
લીલી લીલી ધરતી ખીલી,
ફોરે ફૂલો ફોરાં ખીલી.
પ્રાણી પંખી રાજી રાજી,
વરસે વાદળ ગાજી ગાજી.
બાળો મોજ રહયા છે માણી,
રુમઝુમ આવ્યા વર્ષારાણી.

• શિક્ષકો, વિદ્યાર્થીઓ તથા વાલીશ્રીઓને આ મેગેજીનમાં સ્વરચિત રચનાઓ ( કવિતા, વાર્તા વગેરે ) કે પોતાના વિચારો રજુ કરવા માટે આવકારવામાં આવે છે. યોગ્ય કૃતિ કે વિચારને સ્થાન મળશે. મેગેઝીનમાં કૃતિ કે વિચાર પ્રકાશિત કરવા માટે આખરી નિર્ણય સંપાદકનો માન્ય ગણાશે.
• તમારી રચનાને મેગેઝીનમાં રજૂ કરવા માટે બાજુના મેગેઝીન આઈકન ઉપર ક્લીક કરો





## Sentence Sense

Point to word that will fill the blank.

- I was bored __________ day. (to , all)
- I __________ to stay healthy ! (know , want)
- I __________ four bananas. (ate , eight)
- We __________ fly. (can , can't)

## સમયબદ્ધતા




સમયબદ્ધતા એ સારો ગુણ છે. સમયબદ્ધ હોવું એટલે કે દરેક પ્રસંગે અને દરેક કાર્યમાં સમયસર હોવું. તે માણસને જે કામ આપ્યું હોય તે સમયસર પૂરું કરવાની શકિત આપે છે. આવા માણસને દરેક તરફથી સ્વીકૃતિ મળે છે. સમયબદ્ધતા આપણામાં આદત પાડવાથી આવે છે. આપણે નાનપણથી જ તેની આદત કેળવવી જોઇએ. નાનપણથી જ એ આપણાં જીવનનો એક ભાગ બની જવો જોઇએ. સમયબદ્ધતા જાળવવાથી આપણામાં શિસ્ત આવે છે. સમયબદ્ધતા વિદ્યાર્થી જીવનમાં જરૂરી છે. સમયબદ્ધ હોય તે વિદ્યાર્થી પોતાનું ગૃહકાર્ય સમયસર પૂરું કરી નાખે છે. તે ગૃહકાર્ય કરવા માટે કોઈની રાહ નથી જોતો અને કોઈએ તેને તે કરવા માટે આગ્રહ નથી કરવો પડતો. તે બધાને ગમે છે. શિક્ષકો આવા વિદ્યાર્થીઓની કદર કરે છે. મોટા ભાગે આળસુ વિદ્યાર્થી સમયબદ્ધ નથી હોતા. જે બધી જ જગ્યાએ અને બધી જ વસ્તુમાં મોડા પડે છે, તે હંમેશા સમયનો અભાવ છે તેવી ફરિયાદ કરે છે. કારણ કે તેઓ તેમનું કામ સમયસર શરૂ નથી કરતાં. તેઓ બધુ સરળતાથી લે છે. તેમને એવું લાગે છે કે એક કલાકનું કામ તેઓ પાંચ મિનિટમાં પુરું કરી નાખશે. તેઓ સમયનું મૂલ્ય સમજતા નથી. તેઓ જિંદગીમાં કયારેય સફળતા નથી મેળવતા.

# મૂર્તિમંત ભારત - સ્વામી વિવેકાનંદ



એમના એક વિદેશી શિષ્યા મેકલાઉડે જ્યારે એમને પૂછ્યું કે 'સ્વામીજી હું આપની શું સેવા કરી શકું? 'ત્યારે સ્વામીજીએ કહ્યું, 'ભારતને પ્રેમ કરો., આમ તેઓ જાણે મૂર્તિમંત ભારત બની ગયા હતા. ભારતવાસી હોવું એ કેટલું મહાન છે, તેની વાત કરતાં તેઓ કહે છે : 'હે ભારતવાસી, તું ગૌરવપૂર્વક ઉચ્ચ સ્વરે ઘોષણા કર કે પ્રત્યેક ભારતવાસી મારો ભાઇ છે. 'ભારતવાસી મારું જીવન છે. ભારતના દેવદેવીઓ મારા ઇશ્વર છે. ભારતનો સમાજ મારી વૃદ્ધાવસ્થાની વારાણસી છે. હે ભાઇ, પોકારી ઉઠ કે ભારતની ધરતી એ મારું સર્વોચ્ચ સ્વર્ગ છે. ભારતનું કલ્યાણ એ મારું કલ્યાણ છે અને અહર્નિશ પ્રાર્થના કર કે હે ગૌરીપતે! હે જગજનની અંબે! તું મને મનુષ્યત્વ આપ. હે સામર્થ્યદાયિની માતા ! મારી નિર્બળતાનો નાશ કર, મારી કાયરતાને દૂર હટાવ! મા! મને માનવ બનાવ! સ્વામીજીની દેશભકિતભરી વાણીથી સમગ્ર ભારત જાગી ઉઠ્યું.


## ભારતમાં સર્જરીના પિતા : મહર્ષિ સુશ્રૂત



આજે તૂટેલા હાડકાંને જોડવાં, પ્લાસ્ટિક સર્જરી કરવી, ઓપરેશન કરવું, કપાયેલાં અંગોને જોડવાં વગેરે ચમત્કારને જોઇને તમે વિચારતા હશો કે આધુનિક સમયમાં મેડિકલ સાયન્સે ઘણી પ્રગતિ કરી છે, પરંતુ આ બધી વસ્તુઓ મહર્ષિ સુશ્રૂતની દેન છે. મહર્ષિ સુશ્રૂત આશરે સાડા ત્રણ હજાર વર્ષ પહેલાં આ બધાની શોધ કરી ચૂકયાં છે. સુશ્રૂત સંહિતામાં મહર્ષિ સુશ્રૂત દ્વારા મુશ્કેલથી મુશ્કેલ ઓપરેશન કરવાની અનેક રીતો વિશે જણાવવામાં આવ્યું છે. એને આધાર બનાવીને ભારતે જ નહીં પરંતુ દુનિયાએ સર્જરી શીખી હતી. મહર્ષિ સુશ્રૂત કયારે થઇ ગયા એમનો જન્મ અને સમયને ચોકકસ્પણે કહેવું મુશ્કેલ છે. તેમ છતાં એવું અનુમાન કરવામાં આવે છે કે એમનો જન્મ ઋષિ વિશ્વામિત્રના કુળમાં થયો હતો તેથી એક અનુમાન મુજબ મહર્ષિ સુશ્રૂત આશરે ત્રણ સાડા ત્રણ હજાર વર્ષ પહેલા થઇ ગયા હોવાનું મનાય છે. તેમના દ્વારા કરવામાં આવેલી અદ્દભૂત રચના એટલે કે સુશ્રૂત સંહિતા ઇસ. પૂર્વે છઠ્ઠી શતાબ્દીની માનવામાં આવે છે.

સુશ્રૂત સંહિતા ગ્રંથમાં શલ્ય ચિકિત્સા સાથે જોડાયેલાં વિવિધ પાસાંઓને વિસ્તાર પૂર્વક બતાવવામાં આવ્યાં છે. આ ગ્રંથ અનુસાર સુશ્રુત શલ્ય ચિકિત્સા માટે ૧૨૭ કરતાં પણ વધારે સ્વનિર્મિત સાધનોનો ઉપયોગ કરવામાં આવતો હતો. આ ગ્રંથમાં ઓપરેશન કરવાની આશરે ૩૦૦ કરતાં વધારે રીત અને પ્રક્રિયાઓ વિશે જણાવ્યું છે. મહર્ષિ સુશ્રૂત શલ્ય ચિકિત્સાનું જ્ઞાન કેવી રીતે અને કોની પાસેથી પ્રાપ્ત થયું હતું એને લઇને કોઇ માહિતી મળતી નથી.

- જાડેજા દેવાંશીબા






# વાર્તા





એક કઠિયારો જંગલમાંથી લાકડા કાપી લાવી મુશ્કેલીથી પોતાનું જીવન વિતાવતો હતો. તે એક દિવસ જંગલમાંથી પાતળા પાતળા લાકડાં લઈને આવી રહયો હતો. એટલામાં એકાએક એક વ્યકિત ત્યાંથી પસાર થતો હતો અને તેણે કઠિયારાને કહયું, ‘બેટા આગળ વધતો જા બીજા  દિવસે કઠિયારો પેલી વ્યકિતની વાત યાદ કરી આગળ વધ્યો. તો ત્યાં જાડા જાડા લાકડાનું જંગલ દેખાયું તે દિવસે જેટલા બન્યાં તેટલા લાકડાં કાપી લાવીને બજારમાં વેચી બીજા દિવસોમાં વધારે પૈસા કમાયો. ત્રીજા દિવસે ફરીથી વિચાર કર્યો કે, તે મહાત્માએ મને આગળ વધવા કહયું હતું એટલે આજે થોડોક આગળ ચાલુ અને જોઉં તો ખરા કે ત્યાં શું છે ? આમ વિચારી તે આગળ વધ્યો. આગળ વધતાં તેને ચંદનનું વન દેખાયું. તે દિવસે તેણે ચંદનના લાકડાં વેચીને બહું જ રૂપિયા કમાયો. ફરી તેણે વિચાર્યું કે મહાત્માએ મને આગળ વધવા કહયું હતું તે આગળને આગળ વધતો રહયો તો તેને તાંબાની ખાણ દેખાઈ. તે ત્યાં અટકયો નહિ અને દરરોજ આગળ વધતો રહયો તેને વારાફરતી ચાંદી, સોનું અને હીરાની ખાણો મળવાથી તે ઘણો ધનવાન બની ગયો. મનુષ્યનું સૌથી મોટું ગૌરવ આત્મજ્ઞાન છે. જે તેને માટે પ્રયત્ન કરે છે, અંર્તમુખી બને છે, પોતાના ભૂત અને ભવિષયનું ધ્યાન રાખીને વર્તમાનનો સદુપયોગ કરે છે તે આત્માવલંબી મનુષ્ય ઝડપથી પ્રગતિ સાધી શકે છે. આત્માના અવાજ પ્રમાણે ચાલનારા કોઇ પણ જાતની દયા, કૃપા કે વરદાનની અપેક્ષા રાખતા નથી કે યાચના પણ કરતા નથી; તેઓ પ્રગતિનો પંથ સ્વયં શોધી લે છે. માટે અંતરના ઉંડાણમાં ઉતરીને આત્માનું અવલોકન, વિશ્લેષણ કરો અને જ્યાં સુધી રસ્તો ના મળે ત્યાં સુધી મનન કરો. તો સફળતા તમારા કદમો ચૂમતી ચૂમતી તમારી પાછળ આવશે.

## કેટલીક અવનવી વાતો

- માખી કયારેય સુતી નથી, કારણ કે તે માત્ર 28 દિવસ જીવે છે.
- વહેલ માછલીનું હૃદય એક મિનિટમાં 9 વાર જ ધબકે છે.
- નર શાહમૃગ સિંહ જેવી ગર્જના કરે છે.
- દારૂનું એક ટીપું વીંછીને અસ્થિર કરી શકે છે. આ સ્થિતિમાં તે પોતાને પણ ડંખ મારી શકે છે.
- સાંત્વના આપનારું સંગીત ગાય પાસે વગાડવામાં આવે તો ગાય વધારે દૂધ આપે છે.
- પંખીઓને પણ પોતાની ભાષા હોય છે.
- ગીધની ચાંચ ખૂબ જ ધારદાર હોય છે.
- ઘુવડ એક માત્ર પક્ષી છે જે ફકત વાદળી રંગ જૂએ છે.
- જિરાફની જીભ લગભગ 21 ઈંચ જેટલી લાંબી હોય છે.
- ઊંટની આંખને ત્રણ પલક હોય છે. જે તેને રણમાં ઉડતી રેતીથી સુરક્ષિત રાખે છે.
- ખિસકોલીની ઉમર 9 વર્ષ સુધીની હોય છે.
- કૂતરાઓ 10 પ્રકારના અલગ - અલગ અવાજ કરી શકે છે.

- પરમાર યુગ

## એમોનિયા વાયુનો શોધક : ફ્રિટ્ઝ હેબર




પૃથ્વીની ફરતે વાયુમંડળમાં ઘણા વાયુઓ છે. પ્રાચીનકાળમાં માણસ વાતાવરણને માત્ર વાયુ તરીકે ઓળખતો. અગ્નિની જેમ તેને દેવતા તરીકે પૂજતો. વિજ્ઞાનીઓએ હવાનું પૃથ્થકરણ કરીને તે વિવિધ પ્રકારના વાયુઓની બનેલી છે તે શોધી કાઢ્યું. ઓક્સિજન, હાઇડ્રોજન વગેરે વાયુઓની શોધ થઇ, તેમાં એમોનિયા વાયુ કૃષિ ક્ષેત્રે ઉપયોગી છે. તેની શોધ ફ્રિટ્ઝ હેબર નામના વિજ્ઞાનીએ કરેલી. ફ્રિટ્ઝ હેબર કેમિસ્ટ્રીનો પિતામહ કહેવાય છે. તેને એમોનિયાની શોધ બદલ કેમેસ્ટ્રીનું નોબેલ પારિતોષિક મળેલું.

હેબરનો જન્મ ઇ.સ. ૧૮૬૮ના ડિસેમ્બરની નવમી તારીખે જર્મનીના બ્રેસલૌમાં થયો હતો. હાલ આ શહેર પોલેન્ડમાં છે, તેના પિતા અગ્રણી વેપારી હતા. હેબરે હાઇડલબર્ઝ યુનિવર્સિટીમાં કેમિસ્ટ્રીનો અભ્યાસ કરેલો. હેબરે ઝેરી વાયુઓની શોધ કરી, તેનો કેમિકલ શસ્ત્રો તરીકે ઉપયોગ કરવાની પદ્ધતિ શોધેલી. તેની આ હિંસક શોધથી શરમ અનુભવી તેની પત્ની અને પુત્રે આત્મહત્યા કરેલી. ત્યારબાદ તે વિજ્ઞાની કેમિકલ ફેક્ટરીમાં જોડાયો. ઇ.સ. ૧૮૯૪ થી ૧૯૧૧ સુધી વિવિધ પ્રયોગો કરી તેણે એમોનિયા વાયુ શોધ્યો. આ ક્રાંતિકારી શોધ હતી. આ પદ્ધતિને ‘હેબર પ્રોસેસ‘ નામ અપાયું. પ્રથમ વિશ્વયુદ્ધમાં હેબરે કેમિકલ શસ્ત્રોના ઉપયોગમાં મહત્વની ભૂમિકા ભજવેલી. ઝેરી વાયુથી બચવા ગેસ માસ્ક પણ તેણે જ શોધેલો. તેની આ સંહારક શોધો બદલ વિશ્વભરમાં તે અણમાનિતો બન્યો અને ટીકાનો ભોગ બનેલો.પરંતુ જર્મનીની સેનાએ તેને ઘણા સન્માન આપેલા. જીવનના પાછલા વર્ષોમાં ઈંગ્લેન્ડ જઇ વસેલો. ૧૯૩૪ના જાન્યુઆરીની ૨૯ તારીખે તેનું અવસાન થયું હતું.

- ભટ્ટ રિદ્ધિ

## મોસમ વિશે આ પણ જાણવા જેવું




હવામાન, મોન્સૂન કે મોસમના વરતારાનો ઈતિહાસ બહુ જૂનો છે. હવામાન માનવજીવન પર ઊંડી અસર કરે છે અને તેના આધારે જ પૃથ્વી પરના લોકોની જીવનશૈલીમાં પણ વિવિધતા આવી છે. હવામાનના વરતારા ખાસ કરીને દરિયો ખેડતા વહાણવટી માટે ઉપયોગી જ નહીં પણ જીવનરક્ષક પણ છે. પ્રાચીન કાળના લોકોમાં વાતાવરણનું નિરીક્ષણ કરી હવામાન અંગે આગાહી કરવાની પરંપરા હતી. ૫૦૦ વર્ષ પહેલા એક આરબ વિજ્ઞાનીએ હિન્દ મહાસાગરના ટાપુઓ પર ચોમાસુ ક્યારે ક્યારે બેસે તેનું પુસ્તક લખેલું. મોસમ શબ્દ વહાણવટીઓએ પ્રચલિત કરેલો. તે મોટે ભાગે વરસાદને અનુલક્ષીને વપરાતો.

ઈસુ ખ્રિસ્તના વફાદાર શિષ્ય પીટરે દગો કર્યો ત્યારે કૂકડાએ ત્રણ વખત બાંગ પોકારી ચેતવણી આપેલી. આ પૌરાણિક વાત જાણીતી છે અને તેથી જ ઘરો ઉપર લગાડતાં વેધર વેનમાં વચ્ચે કૂકડાનું પ્રતીક લગાડવાની પરંપરા થઇ. પવનની દિશા દર્શાવતી ચકરડી જેવા આ સાધન ઉપર કૂકડો તમે જોયો હશે.

વરસાદ માપવા માટેનું સાધન બે હજાર વર્ષ પહેલાં ભારતમાં શોધાયેલાં તે ૧૮ ઈંચ વ્યાસના બાઉલ જેવું હતું. આજે ૨૦ ઈંચ ઊંચાઇ અને આઠ ઈંચ વ્યાસનો નળાકાર વપરાય છે.

ડિસેમ્બરના આખરમાં હવામાન પર અસર કરનારું પરિબળ ‘અલનિનો’જાણીતું છે. તેનો અર્થ થાય છે ખ્રિસ્તનું બાળક.

## પહાડી વિસ્તારોમાં થતાં ભૂસ્ખલનનું વિજ્ઞાન



ભારે વરસાદને કારણે પહાડી વિસ્તારોમાં ભેખડો ધસી પડે છે અને પહાડ પરથી માટી અને કાદવ સહિત મોટા મોટા રોડા અને પથ્થરો રસ્તા કે જમીન પર છવાઇ જાય છે. આ ઘટનાને ભૂસ્ખલન કે લેન્ડસ્લાઇડ કહે છે. ભૂસ્ખલન એક વિલક્ષણ ભૌગોલિક ઘટના છે. પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ દરેક વસ્તુને પોતાના કેન્દ્ર તરફ ખેંચે છે. જમીનને સમાંતર રહેલી વસ્તુઓ પર આ બળ તટસ્થ થાય છે.

પર્વતોના ઢોળાવ પર કાંકરા, માટી, નાનામોટા પથ્થરો વિગેરે માટી સાથે જોડાઇને ટકી રહ્યા હોય છે. ભારે વરસાદથી તેમાં રહેલી માટી ભીની થઇ પીગળે ત્યારે ખડકોને ઊંચાઇ પર ટકાવી રાખતું બળ ઘટી જાય છે. ત્યારે આ બધો કદડો જમીન તરફ ગબડે છે. આ બે પ્રકારે ઘટના થાય છે. પાણીથી ધોવાઇને કે ભારે પવનને કારણે. આ ઘટના પળવારમાં જ થાય છે અને એટલી મોટી માત્રામાં થાય છે કે જમીન પર સેંકડો કિલોમીટરમાં કાદવ કિચડના બબ્બે ફૂટના થર પથરાઇ જાય છે. એકાએક થયેલા ભૂસ્ખલનથી પહાડી વિસ્તારોના મકાનો દટાઇ ગયાના દાખલા પણ છે. ભેખડોના કાદવમાં ૨૦ ટકા પાણી હોય છે અને તે ૧૬૦ કિલોમીટરની ઝડપે જમીન તરફ ધસે છે. ગણતરીની મિનિટોમાં તે વિસ્તારનો નકશો બદલી નાખે છે.

## આપણી આંગળી અને સાંધામાં ટચાકા કેમ ફૂટે છે ?



ખૂબ કામ કરીને પછી થાકી ગયા બાદ હાથપગની આંગળી ખેંચવાથી કે સાંધા પર દબાણ આપવાથી ટચાકા જેવો અવાજ થાય છે. અને હળવાશ અનુભવાય છે. થાક ઉતારવા માટે ઘણા લોકો આ ઉપાય અજમાવે છે. હાથની આંગળીમાં નાના ત્રણ હાડકા હોય છે. અને તેને વેઢા પણ કહે છે. આ હાડકા મિજાગરા જેવા એક તરફ વળી શકે તેવા સાંધાથી જોડાયેલા હોય છે. હાથ વડે આપણે અનેક કામ કરી શકીએ છીએ. આ સાંધાના કારણે આપણે મુઠ્ઠી વાળવા ઉપરાંત ઘણી ચીજો પકડવા, લેવા, મૂકવા માટે ઉપયોગી થાય છે.આ સાંધાને સૌથી વધારે ઘસારો લાગે છે. આ સાંધાના રક્ષણ માટે તેમાં તૈલી પદાર્થ હોય છે. અને તેની આસપાસ વાયુ હોય છે. સાંધામાં રહેલા વાયુમાં વધઘટ થતી રહે છે. આંગળી ખેંચવાથી કે દબાણ આપવાથી આ વાયુ છુટો પડી ટચાકા જેવો અવાજ કરે છે. અને સાંધામાં હળવાશ થાય છે.

- પિયુષભાઇ રાબડિયા

## સુડોકુના નિયમો

ખાનાઓમાં એકથી નવના આંક એ રીતે ગોઠવાયેલા છે કે ઉભી, આડી રોમાં એક આંક એક જ વાર આવે તે જ રીતે દરેક કોર્નરમાં નવના ચોકઠામાં પણ એક થી નવના આંક એક એકવાર જ આવવા જોઇએ. નમૂના માટે કેટલાક આંક મૂકાયા છે. ખાલી ખાનાં હવે તમે તર્ક લગાડીને ભરી કાઢો.

- ગોંડલીયા એન્જલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| 5 | 4 | | | 2 | | 8 | | 6 |
| | 1 | 9 | | | 7 | | | 3 |
| | | | 3 | | | 2 | 1 | |
| 9 | | | 4 | | 5 | | 2 | |
| | | 1 | | | | 6 | | 4 |
| 6 | | 4 | | 3 | 2 | | 8 | |
| | 6 | | | | | 1 | 9 | |
| 4 | | 2 | | | 9 | | | 5 |
| | 9 | | | 7 | | 4 | | |


PANCHSHIL
SCHOOL


SCHOOL
PANCHSHIL SCHOOL








PANCHSHIL SCHOOL








PANCHSHIL SCHOOL





# બાલસભા


























# વિદ્યાર્થિનીઓનું NCC ના પહેલા વર્ષમાં સિલેક્શન





$T^3$ - Train the Teachers **- Richa Bhagdev**
Topic: Class Room Engagement & Activity based Learning





## T$^3$ - Train the Teachers - **Randeep Vala**
## Topic: Yoga and Art of Living





## T$^3$ - Train the Teachers - **Dr. Chintan Rajani**
## Topic: Team Work & Collaboration





## વિશ્વ યોગ દિવસની ઉજવણી  માતાઓ માટે - યોગ અને ઝુમ્બા MZ Fitness Club દ્વારા





## વિશ્વ યોગદિવસની ઉજવણી - રેસકોર્સ





## વરુણ કાસ્ટિંગ - ઈન્ડસ્ટ્રી વિઝિટ






## સ્લો સાઈકલ સ્પર્ધા





# બાલસભા દરમ્યાન વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરુ પાડતા ડો. ડી. કે. વાડોદરિયા સર અને સાક્ષી મેડમ





$T^3$ - Train the Teacher **Dr. Prashant Ambasana**
Topic: Class Room Engagement & Activity based Learning





## નાના ભૂલકાઓ માટે કઠપુતળીના ખેલનું આયોજન





## મંગલ મેડમ દ્વારા કરીઅર એજ્યુકેશન પ્રોગ્રામ

રિલાયન્સ ટ્રેન્ડ્ઝના ચાર રાજ્યના માર્કેટિંગના હેડ





# પંચશીલ સ્કૂલ



ઉપરના  સોશ્યિલ મીડિયા આઈકન ઉપર ક્લીક કરી આપણી સ્કૂલ સાથે કનેક્ટ થઈએ